ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગની તા.૦૩/૧૦/૨૦૨૨ની અધિસૂચના ક્રમાંક:મકમ/૨૦૨૦૨૧/૪૮૮/ગ

(૨) કમિશનરશ્રી, આ.વિ.ની કચેરીનો તા.૦૩/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક : DOTD/0672/01/2023 તથા તા.૦૨/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક : DOTD/0275/12/2023

**અધિસૂચના ક્રમાંક: TDD/MKM/e-file/25/2023/0827/G**

અત્રેના વિભાગની વંચાણે લીધેલ ક્રમ-(૧) ની અધિસૂચનાથી અત્રેના વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળા (આ.નિ.શા.)ના મદદનીશ શિક્ષક (વર્ગ-૩) સંવર્ગના કર્મચારીઓને તદ્દન હંગામી ધોરણે આચાર્ય (વર્ગ-૨) **[Level-8 in the Pay Matrix, Pay Scale- ₹.44,900/- to ₹.1,42,400/-]** સંવર્ગની જગ્યા પર તદ્દન હંગામી ધોરણે બઢતી આપીને તેમના નામ સામે કોલમ-(૪)માં દર્શાવેલ કચેરી ખાતે નિયુક્તિ આપવામાં આવેલ.

| ક્રમ | નામ | બઢતી પહેલાનો હોદ્દો અને કચેરી | બઢતી બાદનો હોદ્દો અને કચેરી |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી એસ.બી. પ્રજાપતિ | મદદનીશ શિક્ષક, આ.નિ.શા. (મિશ્ર), મેઘરજ, જિ.- અરવલ્લી. | આચાર્ય,આ.નિ.શા. (મિશ્ર),મેઘરજ, જિ.- અરવલ્લી. |

૨. વંચાણે લીધેલ ક્રમ-(૨)ની દરખાસ્તથી ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કર્મચારીશ્રીને તેઓની અરજીમાં દર્શાવેલ સામાજિક , કૌટુંબિક તેમજ શારીરિક કારણોસર બઢતીનો અસ્વીકાર કરવા માંગતા હોવાથી બઢતીનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

૩. કોષ્ટકમાં દર્શાવેલ કર્મચારીશ્રીની રજૂઆત ધ્યાને લઇ તેઓને આ વિભાગની વંચાણે લીધેલ ક્રમાંક(૧)ની તા.૦૩/૧૦/૨૦૨૨ અધિસૂચનાથી આચાર્ય (વર્ગ-૨) સંવર્ગમાં આપવામાં આવેલ બઢતીનો હુકમ ગુજરાત મુલ્કી સેવા(વર્ગીકરણ અને ભરતી) નિયમો, ૧૯૬૭ના નિયમ-૧૧(ખ)ની જોગવાઇ મુજબ આથી રદ્દ કરવામાં આવે છે અને તેઓને બઢતી અગાઉના મૂળ સંવર્ગમાં, ઉક્ત કોષ્ટકમાં કોલમ નં.૩માં દર્શાવેલ તેઓની બઢતી અગાઉની જગ્યાએ ચાલુ રાખવામાં આવે છે.

૪. કોષ્ટકમાં નિર્દિષ્ટ કર્મચારીશ્રીને બઢતી માટેનો હક્ક સ્વેચ્છાએ જતો કરેલ હોઇ, તેઓને થનાર/થયેલ આર્થિક નુકશાન પરત મેળવવા કે બઢતીના વર્ગ-૨ના સંવર્ગમાં ભવિષ્યમાં પ્રવરતા અંગેનો કોઇ હક્ક મેળવવા તેઓ હક્કદાવો કરી શકશે નહી અને વર્ગ-૨માં જો કોઇ ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોય તો તે પરત કરવાનું થશે અને ભવિષ્યમાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે તેઓ હક્કદાર રહેશે નહી. ઉપરાંત તેઓને બઢતીનો ઇનકાર કર્યાની તારીખથી એક વર્ષની મુદત માટે અથવા પછીથી ખાલી જગ્યા ઊભી થાય ત્યાં સુધી, એ બે માંથી જે મોડુ હોય ત્યાં સુધી બઢતી માટે વિચારણામાં લેવામાં આવશે નહી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. ડી. ડામોર
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), કમિશનર (આ.વિ.)ની કચેરી, બિરસા મુંડા ભવન ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- HRMS Cell, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત સર્વે કર્મચારીશ્રીઓ/અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, આ.વિ.ની કચેરી મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (નિયામકશ્રી (આ.વિ) મારફતે)
- નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર અધિસુચનાને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:J D Damor
Section Officer
Date: 2024.01.24
18:19:51 +05:30